જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૪/૨૦૧૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૭૧૬/૧૬

**ઓટોરીક્ષામાં પેસેન્જરોને બેસાડી નજર ચુકવી દાગીના તથા રોકડ રકમની ચોરીઓ કરનાર ગેંગના ૪ સાગરીતોને સોનાના દાગીનાઓ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ**

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી રીક્ષામાં પેસેન્જરોને બેસાડી તેઓની નજર ચુકવી દાગીના તથા કિંમતી સામાનની ચોરીઓ કરવાના બનાવો બનતા હોય આ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી જે.કે.ભટ્ટ સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાંચ તથા શ્રી કે.એન.પટેલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઇમબ્રાંચના એન્ટી પ્રોપર્ટી સ્કોડના પો.સ.ઇ શ્રી એ.વાય.બલોચ નાઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો.નારસિંહ મલુસિંહ તથા પો.કો રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે આસ્ટોડીયા દરવાજા ચાર રસ્તા ખાતે વોચ ગોઠવી એક ઓટોરીક્ષામાં ચાર ઇસમો (૧) **મુખ્ય સુત્રધાર** : રમેશ ઉર્ફે ભોટી શંકરભાઈ નાયક (બજાણીયા) રહે.મ.નં.૯૩, બ્લોક નં.૩, જયેન્દ્ર પંડિતનગર, ન્યુ ક્લોથ માર્કેટની પાછળ, રાયપુર, અમદાવાદ શહેર (૨) સુરેશ @ સોમાભાઇ મગનભાઇ નાયક (બજાણીયા) રહે.બાવળા જુની મર્કેટ પૃથ્વી કોમ્પલેક્ષની સામે રોડ ઉપર બાવળા જી.અમદાવાદ (૩) પ્રવીણ @ ઇલીયો ગોપાલભાઇ સોલંકી (દેવીપુજક) રહે.પરેશ એપાર્ટમેન્ટ ના કાચા છાપરામાં પી.ટી.કોલેજ રોડ પાલડી અમદાવાદ (૪) **રીક્ષા ચાલક :** દિનેશ @ ઘેટીયો જગુભાઇ તાતપરીયા (દેવીપુજક) રહે.પરેશ એપાર્ટમેન્ટ ના કાચા છાપરામાં પી.ટી.કોલેજ રોડ પાલડી અમદાવાદ શહેર નાઓને ચોરી કરેલ સોનાના અલગ અલગ દાગીના કિ.રૂ.૩,૧૪,૦૦૦/-ની મતાના તથા ઓટોરીક્ષા નં.જીજે-૧-ડીવી-૯૯૪૮ કિરૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલે કિરૂ.૪,૧૪,૦૦૦/- ની મતાના મુદામાલ સાથે પકડી પાડેલ છે.

**અમદાવાદ શહેર ના કુલ-૭ ગુનાઓનો ભેદ ઉકેલાયો**

પકડાયેલ ઇસમોની પુછપરછ કરતા તેઓએ તેમના સાગરીતો સાથે ભેગા મળી છેલ્લા બે વર્ષના સમયગાળામાં ૨૫ જેટલી ચોરી કરેલાની કબુલાત કરેલ છે.જે પૈકી હાલ સુધી ની તપાસમાં અમદાવાદ શહેરમાં જુદાજુદા વિસ્તારોમાંથી કુલ-૭ જેટલા ગુનાઓ નોંધાયેલાની માહીતી મળેલ છે.જેમાં નીચે મુજબના ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

(૧) શહેરકોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં.૧૦૬/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ
(૨) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં.૨૪૭/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજબ
(૩) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં.૩૬૩/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ
(૪) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં.૪૮/૨૦૧૫ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ
(૫) વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં.૧૬૨/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ
(૬) ઇસનપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં.૧૨૮/૨૦૧૫ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ
(૭) રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં.૨૬/૨૦૧૬ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## આરોપીઓની ગુનો કરવાની પધ્ધતી

આ આરોપીઓની સઘન પુછપરછ કરતા તેઓ આ ગુનો કરવા માટે પોતાની સાથે સ્ત્રીઓને પણ રાખતા હતા જેથી રીક્ષામાં બેસેલ પેસેન્જરને શક ન પડે અને મોકો પેસેન્જરના પર્સ,બેગમાંથી રોકડ તથા દાગીના તેમજ શરીરે પહેરેલ દાગીના નજર ચુકવી કાઢી લેતા હતા અને કામ પતી ગયા બાદ અંદર અંદર ઇશારો કરી ગમે તે બહાનુ કાઢી રસ્તામાં પેસેન્જરને ઉતારી દેતા હતા.

## ૨૫ જેટલી ચોરીઓ કરેલાની કબુલાત

પકડાયેલ આરોપીઓએ આ સિવાય બાવળા-ચાંગોદર, ચિલોડા-હિમંતનગર રોડ, ચિલોડા-દહેગામ રોડ, વડોદરા, નડીયાદ, ગાંધીનગર,ધોળકા ખાતે પણ આવા પ્રકારના ૨૫ જેટલા ગુનાઓ આચરેલ હોવાનુ જણાવેલ છે અને આ આરોપીઓએ આ સિવાય બીજ ગુનાઓ કરેલ છે કે કેમ ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)